# એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં:૨૫, અમદાવાદ.

**ક્રિમીનલ કેસ નં.72274/20**

**ફરીયાદી :–** શ્રી સરકાર

વિરૂધ્ધ...

**આરોપી :–** ઈમરાનહુસેન આસીફહુસેન મલેક

**ગુનોઃ– ગુ.પો.એકટની કલમ–૧૧૦,૧૧૭**

**ઠરાવ**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છેકે, આ કામના આરોપી ગુનાના દિવસે ગુનાવાળી જાહેર જગ્યાએ બનાવ સમયે તહોમતનામામા જણાવેલ જાહેર સ્થળે જાહેરમાં આવતી જતી બહેનોને જોઈને બિભત્સ ઈશારા કરી નિલર્જ ચેનચાળા કરતા મળી આવી પકડાઈ જઈ, ગુ.પો.એકટ ની કલમ–૧૧૦,૧૧૭ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ અન્વયે ગુનો નોંધી તપાસ ના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. આરોપી હાજર થતા, ક્રિ.પ્રો. કોડની કલમ –૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલચે પૂરી પાડયાની ખાત્રી કરી, આરોપીની આંક– થી ગુન્હાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુનો કબૂલ હોવાનું જણાવી, આંક– ગુના કબુલાત પુરશીશ આપી સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવતા ખાત્રી કરી કબૂલાત સ્વીકાર કરાયેલ. આરોપીએ વધુમાં જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેના કહેવા પ્રમાણે તેને જેલની સજા કરવામાં આવે તો તેની પાછળ કુંટુંબમાં કમાનારુ કોઈ નથી. રોજનું કમાઈ રોજ ખાય છે. હાલ કોરોનાની સ્થિતી હોય, વધારે સજા કરવામાં આવશે તો તેના કુંટુંબની સારસંભાળ અને ભરણપોષણને સીધી અસર થાય તેમ હોય, તે જેલમાં રહી શકે તેવી સ્થિતિમાં નથી.

ઉપરોકત આરોપીની રજૂઆત દયાની અરજ ધ્યાને લેતા તેની રજુઆતમાં તથ્ય જણાય છે. આરોપી ગરીબ ચાલી વિસ્તારના છે અને તેઓ આર્થિક પછાત જણાય છે. ગુનાનો પ્રકાર ધ્યાને લેતા નજીવો છે, આરોપીને ગુનાનો પસ્તાવો હોય, પ્રથમ ગુનો હોય ફરી ગુનો નહી કરવાની ખાત્રી આપતા હોય, ગુનાનો પ્રકાર અને ગુનાની કાયદાકીય સજાની જોગવાઈ તથા ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીને ગુજ.પોલીસ એકટની કલમ–૧૧૦,૧૧૭ ગુનામાં દોષિત ઠરાવીનીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**આખરી હુકમ**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૫૨ મુજબ ગુ.પો. એકટની કમલ–૧૧૦,૧૧૭ ના ગુનામાં દોષિત ઠેરવીને રૂા.૧૦૦ (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંઢ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે .

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**

અમદાવાદ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

તા. ૧૩/૦૫/૨૦૨૩ કોર્ટ નં.૨૫,અમદાવાદ.

(Code No. GJ01124)